
# આદિત્ય કિરણ

થીમ આધારિત
એકમાત્ર શૈક્ષણિક
મેગેઝિન

ISSN 0974-4657
વર્ષ : 12 • અંક : 12
માર્ચ, 2017
કિંમત : ₹ 25/-
તંત્રી : ડૉ. હર્ષદ એ. પટેલ




Scanned by CamScanner

આદિત્ય કિરણ
Volume:12 Issue: 12

શિક્ષકનું હોવું
સમાજ માટે
એવોર્ડ

શિક્ષકનું કાર્ય
સ્વસ્થ સમાજ સર્જવાનો
એવોર્ડ

**સંપાદન**
ડૉ. હર્ષદ એ. પટેલ
**સંપાદન સહયોગ**
જયોતિ દવે
**ટાઇટલ/લે-આઉટ**
આર. પટેલ
**કંપોઝ**
દિવ્યેશ ત્રિવેદી

**Printed, Published & Edited by:**
Harshadkumar A. Patel
**on behalf of :**
CHANDAN EDUCATION TRUST
157/1880, Pratiksha Appartment,
Sola road, Naranpura,
Ahmedabad : 380063
**Printed at :**
UNIQUE OFFSET
NOVATSING RUPRAM ESTATE,
OPP. ABHAY ESTATE, TAVDIPURA,
SHAHIBAUG. AHMEDABAD - 380004
**Editor:** Harshadkumar A. Patel
**Owner:** CHANDAN EDUCATION TRUST

**વર્ષ : ૧૨ અંક : ૧૨**
**પ્રકાશિત તા. ૧-3-૨૦૧૭**

વાર્ષિક : રૂ. ૪૦૦
આ અંકની કિંમત : રૂ. ૨૫
લવાજમની રકમ "ક્ષિતિ પબ્લિકેશન"ના
નામે ચેક/ડ્રાફ્ટથી મોકલી શકાશે.

૩૫, સહજ પેરેડાઇઝ,
ફોક્સ વેગન શોરૂમની પાછળ, આસ્થા
બંગ્લોઝની સામે, સોલા ઓવરબ્રીજ પાસે,
સોલા, અમદાવાદ -૩૮૦૦૬૦

# આ અંકમાં



સંપાદકીય - ડૉ. હર્ષદ એ. પટેલ ૫
ઝળહળ..... ઝળહળ....ની આરપાર - શ્રી નિરૂપમ છાયા ૬
એવોર્ડ તો પંળે પળ મળી શકે છે ! - શ્રી હરેશ ધોળકિયા ૯
સમાજ દર્પણ - ડૉ. ગૌરાંગ જાની ૧૨
ગુરુ-ગીતા - શ્રી અશોક શર્મા ૧૪
શ્રેષ્ઠ શિક્ષક આજીવન શિક્ષક - શ્રી વિજયસિંહ ધરીઆ ૧૬
વિદ્યાર્થીઓની સફળતા એ જ મારો એવોર્ડ - ડૉ. વર્ષા પ્રજાપતિ ૧૮
શિક્ષકનું શ્રેષ્ઠત્વ - શ્રી રણછોડ શાહ ૨૦
વિદ્યાર્થીના મિત્ર બનવાની તાકાતવાળો શિક્ષક જ... - ડૉ. કૌશિક મહેતા ૨૨
શ્રેષ્ઠ શિક્ષક તો એ જ છે... - ડૉ. ઊર્મિલા શાહ ૨૩
વિદ્યાર્થીઓ કેવા શિક્ષક ઝંખે ? - ડૉ. બિપીન સાવલિયા ૨૫
આત્મોત્તમ - શ્રી દિનેશ માંકડ ૨૮

અંકમાં પ્રસિદ્ધ કરેલ લેખો સાથે
તંત્રી સહમત છે તેવું જરૂરી નથી.

ઘડીએ ઘડી તે રળિયામણી, શિક્ષક જીવનની વધામણી !!! - ડૉ. રૂપલબેન માંકડ ૩૦
વિદ્યાર્થીની પ્રતિભા - ડૉ. રોહીણી ત્રિવેદી ૩૧
ગર્વ : ઘડતરનો - ડૉ. પારૂલ શુક્લ ૩૨
જે શ્રેષ્ઠ હોય તે જ શિક્ષક...... - ડૉ. શ્રદ્ધા શાહ ૩૪
આજના યુગમાં શિક્ષકની વ્યાખ્યા બદલાય છે.. - ડૉ. પારૂલ દવે ૩૬
સ્નેહભર્યો સ્પર્શ : ઝળહળે સદાય - સરોજ રાણા ૩૮
સંશોધન - શ્રી જયોતિ દવે ૪૦
શિક્ષકને ગૌરવ = એવોર્ડ - ડૉ. કીર્તિ માટલીવાળા ૪૨
રાજ્યમાં શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ માટેની પ્રક્રિયા - ડૉ. અશોક પટેલ ૪૪
Tech-ટેકનિક - શ્રી તેજસ ઠક્કર ૪૬
ખુલ્લી આંખે સજળ નેત્રે - શ્રી જયોતિ દવે ૪૮
પુસ્તક સમીક્ષા - ડૉ. વીરલ જાદવ ૫૦

આ અંકના તમામ ફોટોગ્રાફ પ્રતિકાત્મક છે.



Scanned by CamScanner

સંશોધન



જ્યોતિ દવે
(૯૮૨૪૫૧૨૪૫૬)

# પ્રાથમિક શાળામાં વ્યસનમુક્તિ દ્વારા સામાજિક જાગૃતિ અને શૈક્ષણિક સિદ્ધિ

## Innvation Practices in teaching learning method in Primary Education

પ્રસ્તાવના :

પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણનો આત્મા છે. પ્રાથમિક શાળાના શિક્ષણમાં કચાશ રહી જાય તો ઉચ્ચ શિક્ષણની ઇમારત આ નબળા પાયા પર બંધાઇ શકતી નથી. વળી, સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અનેક આર્થિક માનસિક મૂંઝવણમાં ઘેરાયેલા હોય છે. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ શાળામાં અનિયમિત હોય, વ્યસનથી ઘેરાયેલા હોય, સ્વાસ્થ્યના પ્રશ્નો પણ હોય, ઘરમાં વાલીની બિમારીઓ પણ કયાંક કારણભૂત હોય. તેના શાલેય શિક્ષણમાં કચાશ રહી જવા પામે છે. આથી શાલેય શિક્ષણ દરમિયાન પોતાના વર્ગખંડના વિદ્યાર્થીઓનું શિક્ષણનું સ્તર સુધરે. શાળામાં નિયમિત હાજરીનું પ્રમાણ જળવાઇ રહે તે માટે વર્ગશિક્ષક કેટલાક નવત્તર પ્રયોગ હાથ ધરતા હોય છે. આવા સફળ નવત્તર પ્રયોગો એટલે જ Innovative Method in Primary Teaching.

અભ્યાસકે આવો જ એક નવતર પ્રયોગ સંકલિતનગર ઊર્દુ પ્રાથમિક શાળા - તા. સિટી, જિ. અમદાવાદ ખાતે હાથ ધર્યો. આ નવત્તર પ્રવૃત્તિ માટે પ્રેરિત કર્યા હોય તેવી સમસ્યા આ મુજબ છે. ધોરણ ૬, ૭, ૮ના ૪૦થી વધુ કુમારો મીઠી સોપારી, સાદી માણેકચંદ વગેરે ખાતા જોવા મળ્યા હતા. આ આદતના લીધે શાળા સંકુલમાં સ્વચ્છતાનો અભાવ, ગંદકી તથા વ્યસનના લીધે બિમારીની વધુ માત્રા તથા વાલીવર્ગમાં પણ વ્યસનની આદતના લીધે બિમારીઓનું ઊંચુ પ્રમાણ જોવા મળતું હતું. આથી આ સમસ્યાના નિવારણ માટે એક નવતર પ્રયોગ અભ્યાસ હાથ ધર્યો. જેના હેતુઓ આ મુજબ છે.

**અભ્યાસના હેતુઓ :**

૧. શાળા સંકુલમાં સ્વચ્છતા જળવાય.
૨. વિદ્યાર્થીઓમાં વ્યસનનું પ્રમાણ ઘટે.
૩. વાલીઓમાં વ્યસનનું પ્રમાણ ઘટે.
૪. વિદ્યાર્થીઓની નિયમિત હાજરીનું પ્રમાણ વધે.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

૧. નવતર પ્રયોગની શાળા સંકુલની સ્વચ્છતા પર હકારાત્મક અસર જોવા મળશે.
૨. નવતર પ્રયોગની અસરથી વિદ્યાર્થીઓમાં વ્યસનનું પ્રમાણ ઓછુ થશે.
૩. નવતર પ્રયોગની અસરથી વાલીઓમાં વ્યસનનું પ્રમાણ ઘટશે.
૪. નવતર પ્રયોગની અસરથી વિદ્યાર્થીઓમાં નિયમિત હાજરીનું પ્રમાણ વધશે.

**વ્યાપવિશ્વ:**

સંકલિતનગર ઉર્દૂ પ્રાથમિક શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગના તમામ વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા.

**નિદર્શ:**

પ્રસ્તુત અભ્યાસ માટે સહેતુક નમુના પસંદગીની રીતે નિદર્શની પસંદગી કરવામાં આવી.

**સંશોધન પદ્ધતિ :**

એક જૂથ પૂર્વ કસોટી – ઉત્તર કસોટી યોજના અનુસાર પ્રયોગનો અમલ કરવામાં આવ્યો.

(અ) પૂર્વ કસોટી.

પૂર્વ કસોટી દરમ્યાન નિદર્શ કરીને પસંદ કરેલ ૯૦ કુમાર અને કન્યાઓની મુલાકાત પદ્ધતિ દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું. આ કસોટી દરમ્યાન કુમાર, કન્યા તથા તેમના વાલી મિત્રોમાં રહેલા ગુટખા, સોપારી, માણેકચંદ તથા તમાકુ, બીડી જેવા વ્યસનની માહિતી મેળવવામાં આવી. આ પૂર્વ કસોટી દરમ્યાન ૪૦ કુમાર તથા ૭૫ પુરુષ વાલી તથા ૩૫ મહિલા વાલીમાં વ્યસનનું પ્રમાણ જોવા મળ્યું હતું.

(બ) ઉત્તર કસોટી

ઉત્તર કસોટી દરમ્યાન ત્રણ અલગ અલગ સોપાનોમાં પ્રયોગનો અમલ કરવામાં આવ્યો.

(૧) સંસ્થા મુલાકાત (Exposer Visit)

(૨) પ્રદર્શન યોજવું (Exhibition Method)

(૩) વાલી સંપર્ક (Parents Meeting)

વાસણા પ્રવિણનગર ખાતે આવેલા કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટરની મુલાકાતે વિદ્યાર્થીઓને લઇ જવામાં આવ્યા. આ કેન્સર રીસર્ચ સેન્ટરમાં રહેલા પ્રદર્શન ખંડોમાં વિદ્યાર્થીઓને વ્યસન દ્વારા ફેલાતા રોગો તથા કેન્સર એટલે શું ? તે શા માટે થાય તથા કેન્સરથી બચવા શું ધ્યાનમાં રાખી શકા તેમાટેની સમજ આપવામાં આવી. ડેન્જર રૂમ નામના ખંડમાં last stage cancer વાળા દર્દીઓના બિહામણા ફોટોગ્રાફ્સ તથા કેન્સરગ્રસ્ત ભાગોના સચવાયેલા નમૂનાઓ વિદ્યાર્થીઓએ નિહાળ્યા તથા ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બતાવવામાં આવી.

વિદ્યાર્થીઓને ત્યાંથી વિવિધ પોસ્ટર તથા પુસ્તિકાઓ આપવામાં આવી. આ સાહિત્યના ઉપયોગ દ્વારા શાળાકક્ષાએ પણ ચાર્ટ,પોસ્ટર્સ તથા ફોટોગ્રાફ્સ અને માહિતી પુસ્તિકાઓ દ્વારા પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ જાતે આમંત્રણપત્રિકાઓ તૈયાર કરી. શાળાના વાલી સમાજ ઉપરાંત શાળાની આસપાસના નાગરિકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું.

આમ પૂર્ણ તૈયારી તથા યોગ્ય પ્રચાર બાદ શાળા કક્ષાએ યોજાયેલ પ્રદર્શન શાળાના વિદ્યાર્થીઓ તથા વાલીઓએ નિહાળ્યું. વિદ્યાર્થીની ટુકડીઓએ પ્રદર્શન નિહાળનારા વિદ્યાર્થી તથા વાલીઓને કેન્સર અંગેની સમજ આપી. કેન્સર ન થાય તે માટે શું સાવચેતી રાખી શકાય તેની પણ સમજ આપવામાં આવી.

પ્રદર્શનના અંત ભાગમાં વિદ્યાર્થીઓએ એક બોક્ષ તૈયાર કર્યું હતું, જેમાં 'ગુટખા મને આપો' નું બોર્ડ હતું. પ્રદર્શન તથા કેટલાક ડરામણા ફોટા જોયા પછી અને યોગ્ય સમજ મેળવ્યા પછી ૧૨ વાલી મિત્રો તથા ૨૯ મહિલા વાલી મિત્રો કે જેઓ મીઠી સોપારી વગેરેના વ્યસની હતા અને આ તો માત્ર મીઠી સોપારી કે સાદી માણેકચંદ છે એવું સમજી વ્યસનયુક્ત હતા તેમણે પોતાના વ્યસનની પડીકીઓ આ બોક્ષમાં મૂકી અને વ્યસનમુક્ત બનવાનો નિર્ણય લીધો. ૩૫થી વધુ કુમાર વિદ્યાર્થીઓએ પણ શોખ માટે ખવાતી સોપારી વગેરેનો ત્યાગ કર્યો.

પૂર્વ કસોટી સમયે વર્ગમાં રહેતી સરેરાશ હાજરીમાં ઉત્તર કસોટી બાદ ૧૫% નો વધારો જોવા મળ્યો.

શાળા સ્વચ્છતા સંદર્ભે શાળા સ્વચ્છતા સમિતિના અહેવાલના પરિણામો પ્રાપ્ત થયા તે શાળાની દીવાલો તથા પાણીની પરબમાં સોપારી તથા ગુટખાની પિચકારી જોવા મળતી નથી. સફાઈ દરમ્યાન એકત્રિત થતા કચરામાં સોપારી વગેરેના ખાલી પેકેટનું પ્રમાણ ઘટ્યું છે.

આમ શાળા સંકુલ સ્વચ્છતા, હાજરીમાં નિયમિતતા તથા વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં વ્યસનનું પ્રમાણ ઘટ્યું છે.

**તારણો :**

**(૧)**

**૧.૧ સ્વચ્છતા સમિતિના અહેવાલ પરથી માહિતી પ્રાપ્ત થાય છે કે નવતર પ્રયોગના અમલીકરણ બાદ શાળા સંકુલમાં સ્વચ્છતાનું પ્રમાણ વધ્યું છે.**

**૧.૨ પાન, ગુટખા, સુરીલીની પડીકીઓનો કચરો નહીવત માત્રામાં જોવા મળે છે.**

**(૨)**

**૨.૧ શાળાના ૩૫ થી વધુ કુમાર વિદ્યાર્થીઓએ સોપારી, સુરીલી જેવા ગુટકા વ્યસનનો ત્યાગ કર્યો.**

**(૩)**

**૩.૧ શાળાના ૧૨ પુરુષ વાલીએ બીડી, તમાકુ તથા ગુટકાના વ્યસનને તિલાંજલી આપી.**

**૩.૨ શાળાના ૨૯ મહિલા વાલીએ પણ સાદી માણેકચંદ, મીઠી સોપારી વગેરેનો ત્યાગ કર્યો.**

**(૪)**

**૪.૧ બીમારીના લીધે ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓની હાજરીમાં પણ સુધારો જોવા મળે છે.**

**૪.૨ વિદ્યાર્થીઓના ઘરમાં વ્યસન દુર થવાથી સર્જાતું સારું ભાવાવરણ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થાય છે.**

**૪.૩ વ્યસન પાછળ વપરાતા નાણા પોષ્ટિક આહાર પાછળ વપરાતા બીમારીનું પ્રમાણ ઘટ્યું છે.**



Scanned by CamScanner